# શહેરમાં છાશની સાથે મસાલા છાશની માંગ વધી

## મધુર ડેરીમાંથી દૈનિક ૮૦ હજાર લીટર છાશનું વેચાણ તથા મસાલા છાશ ૨૫ હજાર લીટરનું દૈનિક વેચાણ

ગાંધીનગર, તા. ૫

શહેરમાં ગરમીનો પારો દિવસે ને દિવસે વધી રહ્યો છે. શહેરીજનો ગરમીથી રાહત મેળવવા માટે વિવિધ નુસખાનો ઉપયોગ કરી રહ્યા છે. ત્યારે માર્ચ મહિનાના અંતમાં ઠંડા પીણા અને ગરમીથી રાહત મળે તેવી ચીજવસ્તુઓની ડિમાન્ડ વધી જવા પામી છે. જે પૈકી ગુજરાતીઓની મનપસંદ છાશની ડિમાન્ડમાં વધારો થયો છે. મધુર ડેરી ગાંધીનગમાં એપ્રિલ મહિનામાં દૈનીકિ છાશ ૮૦,૦૦૦ લીટર છાશનું વેચાણ થઈ રહ્યું છે. જેમાંથી મસાલા છાશનું વેચાણ દૈનિક ૨૫,૦૦૦ લીટર થયું છે. ગાંધીનગરમાં ઠેર ઠેર મસાલા છાશનું વેચાણ શરૂ થઈ ગયું છે. જેમાં ૧૦ રૂપિયાથી ૨૦ રૂપિયામાં વિવિધ મસાલા છાશ મળી રહી છે. ૫૦૦ ગ્રામ છાશનો ભાવ ૧૫ રૂપિયા અને સાડા સાતસો ગ્રામ છાશનો ભાવ ૨૦ રૂપિયા છે.

મસાલા છાશમાં જીરૂ, કાળા મરી, લવિંગ, આમચૂર પાઉડર, સૂંઠ પાઉડર, મીઠું, ફુદીનાનો પાઉડર, સંચળ પાઉડર, લીલા ધાણાને ઉમેરીને મસાલા છાશ બનાવવામાં આવે છે. જેનો સ્વાદ ખૂબ સ્વાદિષ્ટ લાગે છે.

ઉનાળામાં જે પીણાનું વધારે સેવન થતું હોય તો તે છાશ છે. દહીને વલોવીને છાશ બનાવવામાં આવે છે. છાશનું સેવન કરનાર વ્યક્તિ ક્યારેય પણ કોઈ રોગનો ભોગ બનતો નથી અને નાશ પામેલા રોગો ફરી ઉત્પન્ન થતા નથી. છાશ ગરીબોની સસ્તી ઔષધી છે. રોટલો અને છાશ તેમનો સાદો આહાર છે. છાશ શરીરના અનેક રોગો દૂર કરીને તંદુરસ્તી વધારે છે.





ઉત્તર ભારત અને પંજાબમાં છાશમાં સહેજ ખાંડ નાંખીને તેની લસ્સી બનાવાય છે. છાશમાં ખટાશનો ગુણ હોવાથી તે ભૂખ પેદા કરે છે. ખોરાકની રૂચિ પેદા કરે છે અને ખોરાકને પચાવે છે. ભોજન દરમિયાન કે ભોજન પછી છાશ પીવાથી ખોરાકનું પાચન સારી રીતે થઈ જાય છે. છાશમાં વિટામિ સી હોવાથી તેનાથી શરીરની રોગપ્રતિકારક શક્તિ વધે છે.

એપ્રિલ માસમાં લગ્નસરાની મોસમમાં હજી છાશની ડિમાન્ડ વધશે તેવું વેપારીઓનું કહેવું હતું. મોંઘવારીના કારણે છાશના ભાવ વધ્યા છે પરંતુ ડિમાન્ડમાં કોઈ ફેરફાર થયો નથી.

છાશનો મહત્વનો ગુણ 'આમ' દોષો દૂર કરવાનો છે. આપણે જે ખોરાક ખાઈએ છીએ એમાંનો કેટલોક ખોરાક પચ્યા વિનાનો રહી જાય છે. અને તેને 'આમ' કહેવાય છે. આમની ચીકાશ તોડવા માટે છાશમાં રહેલું એસીડ ખૂબ જ ઉપયોગી છે. તે ચીકાશને તોડીને આમને દૂર કરે છે.

છાશનું સેવન કરવાથી બ્લડપ્રેશર અને હૃદયરોગમાં ફાયદો થાય છે. છાશનો ગુણ રૂક્ષ હોય છે તેથી તે કફને દૂર કરવામાં મદદ કરે છે. છાશમાં પણ અલગ અલગ વેરાયટીઓ છે જેમકે ધાણા અને ફુદીનાવાળી મસાલા છાશ, રાજસ્થાની છાશ, સાદી સિમ્પલ છાશ, વઘારેલી મસાલા છાશ, જીરા છાશ વિગેરે.

## ગાંધીનગર મને ગમે છે...



- પ્રા. રમેશ મ. પટેલ

૩૦ સેક્ટરમાં રચાયેલું એક સમાન ૧૮૧૮૧૮૧ કિલો મીટરના ચોસલામાં વિભાજીત સેક્ટરમાં ચારેબાજુ સમચોરસ પાકા રસ્તાઓ અને વળી અંદર પાછો ગોળ રીંગરોડ જેનામાંથી પ્રત્યેક ઘર સુધી પહોંચવા માટે નાના સાંકડા પાકા રસ્તા. સેક્ટર અને પાકા રસ્તાઓ ઉપર જ્યાં જગ્યા ત્યાં વૃક્ષોની ફૂલ છોડની વનરાજીમાં ખીલેલા પુષ્પો લાલ, પીળાં, ગુલાબી, સફેદ, રંગબેરંગી ગાંધીનગરના પર્યાવરણમાં શુદ્ધ પ્રાણવાયુ માથાદીઠ જરૂરિયાત કરતા વધી પડે તેટલો પ્રાણવાયુ પ્રત્યેક વ્યક્તિને મળી રહે છે. હવે ટૂંક સમયમાં ગાંધીનગરના નિવાસીને ૨૪ કલાક પાણી મળશે, ૨૪ કલાક વીજળી તો મળે જ છે. ત્યારે કોને ના ગમે આવું સગવડતા સભરનું આ ગાંધીનગર. ૨૨ વર્ષ પહેલાં એક દિવસની રાત્રીએ મારા નાનાં બે બાળકો અને પત્ની સાથે ચ-૬ માર્ગ ઉપર ફરતાં હતાં ત્યારે મેં મારા આ પરિવારને કહ્યું જુઓ તો ખરાં આ ચ-૬ માર્ગ ઉપરની સ્ટ્રીટલાઈટનું દૃશ્ય આ શહેરમાં જ નિવાસ કરાય. ત્યારથી હું ગાંધીનગરના સેક્ટર-૨૯ના હરિવીલા એપાર્ટમેન્ટમાં રહું છું. બેનમૂન અક્ષરધામ, મહાત્મા મંદિર, સરિતાઉદ્યાન, ઈન્દ્રોડાપાર્ક, ૨૮ ગાર્ડન, રેલ્વેસ્ટેશનના પાટા ઉપર અદ્યતન ફાઈવસ્ટાર હોટલ, સચિવાલય સામેથી મહાત્મા મંદિર સુધી વિશાળ ખુલ્લી જગ્યામાં લોન આચ્છાદિત બગીચો, એ ગ્રેડની શાકભાજી ગાંધીનગરમાં જ સેક્ટર-૨૧ના શાકમાર્કેટમાં મળે. પુનિતવન જેમાં વહેલી સવારે ફરવા જનારને ક્યારેય ડાયાબીટીશ, બ્લડપ્રેશર જેવી બિમારી ના થાય. નક્ષત્ર પ્રમાણેનાં નામાભિધાન સાથેનાં વૃક્ષો, ઔષધ બાગ, નદીની કોતરોમાં ઉભેલી વનરાજીમાં કિલ્લોલ કરતાં પક્ષીઓના કર્ણપ્રિય અને મનમોહક અવાજો માનવને સ્ફૂર્તિથી ભરી દે છે. નિસ્પૃહી, સેવાભાવી ભૂતપૂર્વ મુખ્યમંત્રી સ્વ. બાબુભાઈ જશભાઈ પટેલની કુનેહતાથી બનાવાયેલ શહેરનું નામ સત્ય અને અહિંસાના શસ્ત્રથી જેમણે આઝાદી અપાવી તેવા મહાત્મા મોહનદાસ ગાંધીના નામે જે શહેરનું નામ ગાંધીનગર છે તે શહેર કોને ન ગમે? મને તો ખુબજ ખુબજ ખુબજ ગમે છે.

**રક્તદાન મહાદાન**

# મનપાની ૬ નવ નિર્મિત શાળાઓના ફર્નિચરમાં આધુનિક એન્ટી ફાયર કોટિંગનો ઉપયોગ કરાશે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા નગરના વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્યને લઈને સરકારી શાળાઓની નવી ઈમારતોનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. નવી ઈમારતોમાં બાળકોનું ભવિષ્ય કંડારાઈ રહ્યું છે ત્યારે તેમાં સલામતી અને ફાયરસેફટીને ખાસ ધ્યાને લેવા ગાંધીનગર મહાનગરપાલિકાના સ્ટે. કમિટીના ચેરમેનશ્રી જશવંતભાઈ પટેલે સૂચના આપી છે. શાળા ઈમારતના ટેન્ડરમાં લાકડાના ફર્નિચર ઉપર એન્ટી ફાયર કેમિકલ કોટિંગનું પ્રોવિઝન કરવામાં આવ્યું ન હતું. જે વાત માન. ચેરમેનશ્રીને ધ્યાને આવતા તેઓએ સિટી ઈજનેરશ્રીને લાકડાના તમામ ફર્નિચર પર એન્ટી ફાયર કેમિકલ કોટિંગ કરવું એવી સૂચના આપી છે. આ જ પ્રકારે શહેરમાં બની રહેલી તમામ ૬ શાળાઓમાં એન્ટી ફાયર કેમિકલ કોટિંગ કરવાની સૂચના આપવામાં આવી છે.





૧ એપ્રિલના રોજ માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના 'પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમ દરમિયાન ગાંધીનગર મહાનગરપાલિકાના સ્ટે. કમિટીના ચેરમેનશ્રી જશવંતભાઈ પટેલે સેક્ટર ૭ની સરકારી શાળાના બાંધકામની મુલાકાત કરી હતી. ત્યારે માન. ચેરમેનશ્રીએ બાંધકામના વિગતવાર નકશા માટે સિટી ઈજનેરશ્રીને સૂચના આપી હતી. જેના સંદર્ભમાં ૫ એપ્રિલના રોજ નકશાઓને સાથે રાખીને માન. મેયરશ્રી હિતેષભાઈ મકવાણા, માન.ડે.મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, માન.સ્ટે.કમિટી ચેરમેનશ્રી જશવંતભાઈ પટેલે સિટી ઈજનેરશ્રી તથા કોન્ટ્રાક્ટરની હાજરીમાં સ્થળ મુલાકાત લીધી હતી અને બાંધકામ તથા ડિઝાઈન અંગે વિગતવાર ચર્ચા કરી હતી તેમજ માર્ગદર્શન આપ્યું હતું.

# સમગ્ર શિક્ષા શિક્ષણ વિભાગના ૮ હજાર કરાર આધારિત કર્મચારીઓનું ટ્વિટર આંદોલન

ગાંધીનગર, તા. ૫

ગુજરાતના સમગ્ર શિક્ષા શિક્ષણ વિભાગના ૮ હજાર કરાર આધારિત કર્મચારીઓ દ્વારા ટ્વિટર આંદોલન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૮૦૦ જેટલા ટ્વિટરના માધ્યમથી ૮ હજારથી વધુ કર્મચારીઓએ પોતાના સમાન કામ સમાન વેતન અને તમામ શાખાઓના પગાર વધારાની માંગણી માટે ટ્વિટર આંદોલન ચલાવ્યું હતું. દસ દસ વર્ષથી નોકરીના અંતે વર્તમાન મોંઘવારીમાં યોગ્ય વેતન વગર ઘર કઈ રીતે ચલાવવું એ વાસ્તવિક પરિસ્થિતિના દર્શન સરકારને કરાવવા માટે ટ્વીટર અભિયાન કરવામાં આવ્યું. ઉપરાંત સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત કરાર આધારિત તમામ વિભાગના કર્મચારીઓને કાયમી કરીને ગુજરાત મોડેલને નવુ રૂપ આપવામાં આવે. જો પંજાબમાં કર્મચારીઓ માટે આવો ઉત્તમ નિર્ણય લેવાઈ શકતો હોય તો ગુજરાતમાં કેમ નહી? કેજરીવાલ સરકાર પણ કરાર આધારિત કર્મચારીનો કાયમી કરવાની દિશામાં પગરણા માંડી ચૂકી હોય તો ગરવી ગુજરાત એના વર્ષોથી કરાર આધારિત કર્મચારીઓને કાયમી કરવાનું ક્યારે વિચારશે તેવી માંગ સાથે આઠ હજાર કરતાં વધુ કર્મચારીઓ દ્વારા ટ્વિટર અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું અને ટુંક સમયમાં નિરાકરણ નહિ આવે તો ઉપવાસ આંદોલન તેમજ સરકાર વિરોધી મતદાન કરવા માટે જણાવ્યું હતું.

# એમ.બી. પટેલની વિદ્યાર્થીની મહેંદી સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા



ગાંધીનગર, તા.૫

એમ.બી. પટેલ સ્કૂલમાં વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં ધોરણ ૮-સીની વિદ્યાર્થીની ખુશી દિપકકુમાર વ્યાસે મહેંદી સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા થઈ શાળા તથા બ્રહ્મસમાજનું ગૌરવ વધાર્યું હતું. ખુશી વ્યાસને વિજેતા થવા બદલ સર્ટીફીકેટ, ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. આ વિદ્યાર્થીનીએ કોઈ મહેંદીના કલાસ કર્યા વગર આ સ્પર્ધામાં પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો.

## શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ઉત્તર ત્રીપુરામાં ચિકિત્સા શિબિરનું આયોજન



ગાંધીનગર, તા.૫

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ઉત્તર ત્રીપુરામાં ચિકિત્સા શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જે દર વર્ષે એપ્રિલ મહિનામાં આ સંસ્થા દ્વારા આયોજન કરવામાં આવે છે. જેમાં છેલ્લા બે દિવસમાં દરરોજની બે શિબિર કરવામાં આવે છે. આનંદ બજારની રત્નમણી ટ્રસ્ટ સાથે રહી આ કાર્ય કરે છે. આ ચિકિત્સા શિબિરમાં કુલ ૩૬૬ દર્દીને તપાસી દવા આપવામાં આવી હતી. ગુજરાતના ગાયનેક ડોકટર રમણભાઈ પટેલ, ડો.વિજય પાઠક તથા ડૉ. અતુલ પંડયાએ સેવા આપી હતી. આ સાથે સંસ્થાના મિલિન્દ ગુપ્તે તથા મીતકુમાર ગામેતી ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્યભરના વિશિષ્ટ ખેલાડીઓ દ્વારા વર્લ્ડ રેકોર્ડની સ્થાપના કરાશે

**સ્પેશિયલ ઓલમ્પિકસ ભારત દ્વારા આ દિવસો દરમિયાન સ્પેશિયલ ઓલમ્પિકસ ખેલાડીઓ માટેના દુનિયાના સૌથી મોટા હેલ્થ ફેસ્ટનું આયોજન ગાંધીનગર ખાતે થઈ રહ્યું છે**

ગાંધીનગર, તા. ૫

ન માત્ર ગુજરાતના ઈતિહાસમાં, પરંતુ દેશ અને દુનિયાના ઈતિહાસમાં પણ બુધવાર, તા. ૬ એપ્રિલ અને ૭ એપ્રિલનો દિવસ સુવર્ણ અક્ષરે લખાઈ રહ્યો છે. આનું કારણ એ કે સ્પેશિયલ ઓલમ્પિકસ ભારત દ્વારા આ દિવસો દરમિયાન સ્પેશિયલ ઓલમ્પિકસ ખેલાડીઓ માટેના દુનિયાના સૌથી મોટા હેલ્થ ફેસ્ટનું આયોજન ગાંધીનગર ખાતે થઈ રહ્યું છે. આ વિરાટ ઘટનાની નોંધ ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ દ્વારા પણ લેવામાં આવી રહી છે. ગાંધીનગર જિલ્લા માટે ગૌરવની વાત એ છે કે આ મેગા ઈવેન્ટમાં ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકાના મળીને કુલ ૩૮૦ વિશિષ્ટ ખેલાડીઓ સામેલ થઈ રહ્યા છે. જિલ્લાના ૩૫ જેટલા વિશિષ્ટ શિક્ષકો પણ આ ખેલાડીઓ સાથે ઈવેન્ટમાં સામેલ થઈ રહ્યા છે. ઉલ્લેખનીય છે કે ગાંધીનગરના ૩૦૦ સ્વયંસેવકો પણ આ ઈવેન્ટમાં પોતાની સેવાઓ આપી રહ્યા છે. જિજ્ઞેશ રાવલના માર્ગદર્શન હેઠળ પૌરિન પટેલની આગેવાનીમાં દહેગામ તાલુકાનાં અલ્પાબેન અને ધર્મિષ્ઠાબેન, માણસા તાલુકાનાં યોગિતાબેન અને વિરેન્દ્રભાઈ, કલોલ તાલુકાનાં મિનલબેન અને મયુરભાઈ, વિજયભાઈ તથા ગાંધીનગર તાલુકામાંથી સોનલબેન અને અરૂણાબેન આ ઈવેન્ટમાં ભાગીદાર થઈ રહ્યાં છે. ગાંધીનગરના ખેલપ્રેમીઓ તરફથી સહુ ખેલાડીઓ અને પ્રશિક્ષકોને શુભકામનાઓ પ્રાપ્ત થઈ રહી છે.



માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા મોટી સંખ્યામાં ભાવિ ભક્તોની ઉપસ્થિતિ માં સેકટર-૪-ડી ખાતે આનંદનો ગરબો યોજાયો હતો.

# આંદોલનકારી 'આપ'ના નેતા યુવરાજ સિંહની ધરપકડ કરાઈ

## આંદોલનકારીઓ સાથે વાતચીત બાદ તેઓ પરત ફરતા હતા તે સમયે પોલીસ સાથે ઝપાઝપી અને ઘર્ષણ થયુ હતું

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરમાં વિદ્યાસહાયકની ભરતી કરવાની માંગ સાથે આંદોલન કરનારા ઉમેદવારો એ સતત બીજા દિવસે પણ વિધાનસભા ઘેરવાનો પ્રયત્ન કર્યો હતો. વિદ્યાસહાયકો સચિવાલય ગેટ પાસે પહોંચીને સુત્રોચ્ચાર કરતા પોલીસ તેઓને અટકાયત કરીને પોલીસ હેડ કવાર્ટર ખાતે લઈ ગયા હતા. આ વિદ્યાસહાયકોને મળવા માટે આપ નેતા યુવરાજસિંહ પહોંચી ગયા હતા. આંદોલનકારીઓ સાથે વાતચીત બાદ તેઓ પરત ફરતા હતા તે સમયે પોલીસ સાથે ઝપાઝપી અને ઘર્ષણ થયુ હતું. જેથી પોલીસે તેમની સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. આંદોલનકારીઓને લડત ચાલુ રાખવા આહ્વાન કર્યું હતું. અને આંદોલનકારીઓએ પણ યુવરાજસિંહ તુમ આગે બઢો હમ તુમ્હારે સાથે હે ના નારા લગાવ્યા હતા. યુવરાજસિંહ કારમાં બેસીને પરત જવા માટે નીકળ્યા હતા. તે સમયે પોલીસે તેમને રોકવાનો પ્રયત્ન કર્યો હતો. તે સમયે યુવરાજસિંહે કાર દોડાવી મુકી હતી. આ ખેંચતાણમાં એક પોલીસકર્મીને ઈજા પહોંચી છે. ત્યારબાદ પોલીસે યુવરાજસિંહને કારમાંથી બહાર કાઢીને તેમની સામે ગુનો નોંધ્યો છે.

# ધારાસભ્ય નિવાસ વિસ્તારમાં પણ દબાણ



**એમએલએ ક્વાર્ટરમાંથી ઝૂંપડપટ્ટી દૂર કરવાની રહીશોની માંગ : ઝૂંપડીમાં રહેતો માણસ રહીશો માટે ત્રાસદાયક બન્યો : ગંદકી, ઝઘડા, અભદ્ર ટીપ્પણીઓ કરતો હોવાની ફરિયાદો ઉઠી**

ગાંધીનગર, તા. ૫

શહેરમાં દૂર દૂરથી આવીને નાના-મોટા વેપાર-ધંધો કરીને પોતાની રોજીરોટી કમાવવા માટે ઘણા વર્ષોથી રહે છે. જેમાં પાટનગરમાં સરકારી અને પ્રાઈવેટ ક્વાર્ટરની સુવિધાઓ ઉપલબ્ધ છે. પરંતુ ગરીબ માણસો અમુક વિસ્તારોમાં ઝૂંપડા બાંધીને રહે છે. જે દબાણમાં ઘણી વખત હટાવી લેવામાં આવતા હોય છે. ત્યારે શહેરમાં વર્ષોથી એમએલએ ક્વાર્ટર અને વિશ્રામગૃહની વચ્ચેના ખુલ્લા મેદાનમાં (મહાવીર સોસાયટી પાસે), સેક્ટર-૨૧માં ઝૂંપડુ બાંધીને નાનો વ્યવસાય કરતો પરિવાર રહે છે. આસપાસના રહીશોના જણાવ્યા મુજબ આ ઝૂંપડીમાં રહેતો માણસ જે પપ્પુ તરીકે ઓળખાય છે તેના કારણે રહીશો પરેશાન રહ્યા છે. આ હાઈ પ્રોફાઈલ વિસ્તારમાં ઝૂંપડુ બાંધીને રહેતો આ પરિવાર તે વિસ્તારમાં ગંદકી ફેલાવી રહ્યો છે. આ ઉપરાંત જેમ તેમ અભદ્ર ભાષાનું ઉચ્ચારણ કરીને બૂમ બરાડા પાડીને ઝઘડા કરી રહ્યો છે. દારૂ પીવાની પ્રવૃત્તિ, માંસ-મચ્છી બનાવવાની પ્રવૃત્તિ, રાત્રે દરરોજ ઉંચા અવાજમાં અભદ્ર ભાષાનો ઉપયોગ કરી ઝઘડવું સહિતની પ્રવૃત્તિઓથી રહિશોમાં મુશ્કેલીઓ ઉભી થઈ છે. માંસ-મટન-મચ્છી બનાવવાથી તેની દુર્ગંધથી આસપાસના રહીશો કંટાળી ગયા છે. જાહેરમાં શૌચક્રિયા કરતા હોવાથી ગંદકી અને દુર્ગંધ ફેલાઈ રહી છે. અગાઉ બે-ત્રણ વર્ષ પહેલા આ ઝૂંપડીને મહાનગરપાલિકા દ્વારા દૂર કરવામાં આવી હતી. તેમ છતાં આ પરિવાર ફરીથી ત્યાં જ આવીને વસતા આસપાસના રહીશોએ અરજીઓ કરી હતી. પરંતુ તેમની અરજીઓનો કોઈ ઉકેલ આવતો નથી. આ રહીશો દ્વારા વારંવાર ઝૂંપડું હટાવવા માટે અરજીઓ કરવામાં આવી રહી છે અને રૂબરૂ તંત્રની મુલાકાત કરીને ફરિયાદો કરવામાં આવી છે. તેમ છતાં જવાબદાર સત્તાધીશો દ્વારા આંખ આડા કાન કરીને કોઈ ઉકેલ લાવવામાં આવતો નથી. ઝૂંપડાવાળા અસામાજિક તત્વથી મહાવીરનગર સોસાયટી, સેક્ટર-૨૧ના રહીશો માનસિક ત્રાસ અનુભવી રહ્યા છે. અને તેમનું કોઈ જવાબદાર સત્તાધીશો સાંભળતું ન હોવાની ફરિયાદો ઉઠી રહી છે. તેથી મહાવીરનગર સોસાયટીના રહીશોની ફરિયાદ સાંભળી તેનું નિરાકરણ ઝડપથી થાય તેવી માંગ કરવામાં આવી હતી.